Publication: **Sandesh City Life** Edition: **Ahmedabad**
Date & Day: **12/02/2022 (Sat)** Page No: **02**

# આત્મનિરીક્ષણ કરવું જીવનમાં કેટલું મહત્ત્વનું છે તેનો ખ્યાલ દરેક વિદ્યાર્થીને હોવો જોઇએ

## નિરમા ઇન્સ્ટિટ્યૂટ ઓફ લૉ દ્વારા ઇન્ટરનેશનલ ટીચિંગ મંથ સેલિબ્રેટ કરાયું

**સિટી લાઈફ :** ઈન્સ્ટિટ્યૂટ ઓફ લૉ, નિરમા યુનિવર્સિટી દ્વારા ઈન્ટરનેશનલ ટીચિંગ મંથ સેલિબ્રેટ કરવામાં આવ્યું હતું તેના ઈનોગ્રેશનમાં સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના એડવોકેટ વિવેક નારાયણ શર્મા હાજર રહ્યા હતા આ ઉપરાંત નિરમા યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ કે.કે. પટેલ અને ડિરેક્ટર જનરલ ડૉ. અનુપ સિંઘ હાજર રહ્યા હતા. મુખ્ય અતિથિ વિવેક નારાયણ શર્માએ કહ્યું કે, ટીચિંગ મંથ જેવી પ્રવૃત્તિઓ કરવાથી વિદ્યાર્થીઓને વૈશ્વિક રીતે સંપર્કમાં આવવાની તકો ઊભી થાય છે. દરેક વિદ્યાર્થીઓને આત્મનિરીક્ષણ કરવું જીવનમાં કેટલું મહત્ત્વનું છે તે ખ્યાલ હોવો જોઈએ. એક સારા નાગરિક બનવું દરેક માટે જરૂરી છે, તેના માટે આપણી નૈતિક ફરજો પર ધ્યાન આપો. વિદ્યાર્થી લેવલે વિષય નિષ્ણાંતો પાસેથી જેટલું શિખાય તેટલું શીખી લેવું જોઈએ તે આગળ જતા જીવનના ઉદ્દેશ્ય પૂર્ણ કરવા અને ગોલ અચિંવ કરવા મદદરૂપ થશે.

ડો. અનુપસિંઘે નવી શિક્ષણ નીતિને અનુરૂપ વૈશ્વિક સહયોગ, વૈશ્વિક એક્સ્પોઝર અને ક્રોસ ડિસિપ્લિનરી સ્ટડીઝની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને આ ઈન્ટરનેશનલ ટીચિંગ મંથનો શક્ય તેટલો વધુ શીખવા અને અનુભવો લેવાની એક શ્રેષ્ઠ તક તરીકે ઉપયોગ કરવા કહ્યું હતું. જ્યારે ડો. માધુરી પરીખે કહ્યું કે, ટીચિંગ મંથ ઈવેન્ટ આંતરરાષ્ટ્રીયકરણ માટે સંસ્થાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે, જે એક વ્યૂહરચના છે કે જે કાયદાના અભ્યાસક્રમમાં આંતરરાષ્ટ્રીય અને આંતરસાંસ્કૃતિક દૃષ્ટિએ એકિકૃત કરે છે.




આ ટીચિંગ મંથ દરમિયાન વિદ્યાર્થીઓને નોલેજ આપવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, પેરુ, હંગેરી, જર્મની, ઈટાલી, ચેક રિપબ્લિક, સ્લોવાકિયા, સ્વીડન, સ્પેન, લંડન, ઓસ્ટ્રેલિયા, ક્રોએશિયા, રશિયા, બાંગ્લાદેશ, બેલ્જિયમ, કેનેડા અને દક્ષિણ આફ્રિકાની યુનિવર્સિટીના પ્રોફેસર્સ સ્પીકર્સ તરીકે હાજર રહેશે.